# સારે જહાં સે......

– નગીન મોદી



ભારત સરકારના કેન્દ્રના પ્રધાનો પૈકી વડાપ્રધાન શ્રી પિલ્લાઈ, અનાજ અને પુરવઠા પ્રધાન શ્રી કુંજવિહારી શુક્લ, પ્રસારમંત્રી ડૉ. આર. વેંકટરામન અને વિજ્ઞાન ટૅક્નોલોજી ખાતાના મંત્રી શ્રી સંજીવ ચક્રવર્તી વગેરેએ ત્રણ-ત્રણ દિવસ સુધી ખાનગી, અતિ ગુપ્ત મંત્રણાઓ કરી અને પછી ૧૯૯૮ના જુલાઈ માસની ૧૫મી તારીખની વહેલી સવારે ઑલ ઇન્ડિયા રેડિયોના દિલ્હી કેન્દ્ર પરથી એક જાહેરાત વહેતી થઈ :

‘દિલ્હી ખાતે આવેલી ભારત સરકારની રાષ્ટ્રીય પ્રયોગશાળામાં ઘણા લાંબા સમયથી પ્રયોગ કરી રહેલા અવકાશ વિજ્ઞાની ડૉ. પી.આર. માથુર પાંસઠ કરોડ કિલોમીટરની લાંબી મુસાફરી કરી સ્વયંસંચાલિત રૉકેટ દ્વારા મંગળના ગ્રહ પર પહોંચી ગયાના સંદેશા અમને મળતા થયા છે. ડૉ. માથુર વર્ષોથી એક પ્રબળ શક્તિશાળી રૉકેટ બનાવવામાં મશગૂલ હતા. એમણે કદી ખૂટે નહિ તેવી પ્રચંડ શક્તિવાળું રેડિયો ફ્યુઅલ તૈયાર કર્યું અને છેવટે પહેલી જુલાઈએ એમણે

પોતાના સાથીદારો સાથે ઉડ્ડયન કર્યું તે પહેલાં અમને પોતાને પણ પૂરો વિશ્વાસ નહોતો કે આ રૉકેટ આટલી લાંબી મુસાફરી કરી સહીસલામત મંગળના ગ્રહ સુધી પહોંચી જશે. રૉકેટની અંદર વપરાયેલું બળતણ (ફ્યુઅલ) વિશિષ્ટ પ્રકારનું છે, તે આ અગાઉ કહેવાઈ ગયું છે. મંગળના ગ્રહ પરથી આવતા સંદેશાઓમાંથી વધુમાં જાણવા મળે છે કે ડૉ. માથુર એમના સાથી કાર્યકરો સાથે ત્યાં સહીસલામત અને તંદુરસ્ત છે. ભારતના વિજ્ઞાન અને ટૅક્નોલોજી ખાતાના પ્રધાન શ્રી સંજીવ ચક્રવર્તી પોતાના એક નિવેદનમાં જણાવે છે કે એમના રૉકેટમાંનું બળતણ ખૂટી જશે તો ડૉ. માથુરનું પૃથ્વી પર આગમન અશક્ય બનશે... ડૉ. માથુર અને તેમના સાથી વિજ્ઞાનીઓને ભારતની પ્રજા વતી અભિનંદન આપતાં વધુમાં જણાવવામાં આવે છે કે તેમના વિશે વધુ સમાચાર મેળવવા ભારત સરકાર અત્યંત આતુર છે અને મંગળના ગ્રહ સાથે સતત સંપર્કમાં છે.'

આ સમાચાર સાંભળી માત્ર ભારત જ નહિ પૃથ્વી પર વસતો માનવસમાજ દંગ થઈ ગયો. કેટલાક તેજોદ્વેષી દેશોએ તો ભારતની આ સિદ્ધિ પરત્વે શંકા વ્યક્ત કરી કહ્યું કે ભારત જેવા વિકાસલક્ષી દેશ માટે આ શક્ય નથી. આ એક ઉપજાવી કાઢેલી માત્ર વાર્તા છે. જ્યારે વિજ્ઞાનક્ષેત્રે દુનિયામાં પહેલું સ્થાન ધરાવતા અમેરિકા અને રશિયા જેવા દેશોએ તો ભારતના આ મહાન વિજ્ઞાનીને તેમની સિદ્ધિ માટે ભવ્ય અંજલિ આપી, અભિનંદનના સંદેશા પ્રસારિત કર્યા. ઉપરાંત મંગળના ગ્રહ સાથે રેડિયો સંપર્ક સાધવા તેમના વિજ્ઞાનીઓની ટીમ કામે લાગી ગઈ. રશિયાના મહાન વિજ્ઞાની ડૉ. બોરોશીવે પત્રકારો સમક્ષ ખુલ્લા દિલે કબૂલ કર્યું કે અત્યાર સુધી વિજ્ઞાનમાં ખૂબ પછાત ગણાતું ભારત આ સિદ્ધિથી દુનિયાના મહાન દેશોની હરોળમાં ગૌરવભર્યું સ્થાન મેળવે છે.

પ્રતિસ્પર્ધી રાષ્ટ્રોએ હાથનાં કાંડાં કરડ્યાં.

ભારતની જનતા રોજબરોજ વધુ સમાચાર જાણવા તલપાપડ બની. સમાચારપત્રો, રેડિયો, ટી.વી. અને સરકારી બુલેટિનો દ્વારા માહિતીની કાગડોળે રાહ જોવા માંડી.

બરાબર ત્રીજે દિવસે એટલે કે ૧૮મી જુલાઈએ ભારત સરકારનાં રેડિયો - ટી.વી. ફરી રણક્યાં :

'ડૉ. માથુર સંબધી વધુ સમાચાર આપતાં આનંદ થાય છે કે એમના સંદેશા પ્રમાણે ડૉ. માથુરે ભારતનો ત્રિરંગી ધ્વજ રોપી મંગળના ગ્રહ પર ભારતનું આધિપત્ય સ્થાપી દીધું છે...'

એથી વિશેષ કાંઈ નહિ.

પરંતુ આ સાંભળી કેટલાક તો રેડિયો-ટી.વી. માથા પર લઈ નાચ્યા… દેશભરમાં આનંદ અને ઉત્સાહની હવા ફેલાઈ ગઈ. શહેરની શેરીશેરીએ ફટાકડા ફૂટ્યા. લોકોનાં ટોળેટોળાં રસ્તા પર આવી ગયાં. લોકો હાથમાં ત્રિરંગી પતાકા લઈ રાષ્ટ્રગીત ગાતા હતા - નાચતા હતા.

કેટલાકનાં મનમાં ડૉ. માથુરના પુનરાગમન વિશે ચિંતા પેઠી હતી.

તે જ રાત્રે ભારતના વડા પ્રધાન શ્રી પિલ્લાઈએ સમગ્ર જગતના દેશો માટે સંદેશો પાઠવતાં વાયુપ્રવચન કર્યું :

'મંગળના ગ્રહ પર રોપાયેલા આપણા રાષ્ટ્રધ્વજથી આપણું સમગ્ર રાષ્ટ્ર આનંદ અને ગૌરવની લાગણી અનુભવે છે. સહુથી પ્રથમ અમે ફરકાવેલા આ ધ્વજથી ત્યાં અમારું આધિપત્ય સ્થપાય છે. આ આધિપત્ય એટલે હવે પછી કોઈ પણ દેશ કે વ્યક્તિ અમારી પરવાનગી સિવાય મંગળના ગ્રહ પર જઈ શકે નહિ. કોઈ ત્યાં જશે તો તે માત્ર મુસાફર-અતિથિની હેસિયતથી જ જશે. આ અંગેની એક યાદી અમે યુનોના મંત્રી પર પાઠવી દીધી છે અને તેની નકલો દુનિયાભરનાં રાષ્ટ્રોના વડાઓને મોકલાઈ રહી છે. ભારતની વહાલી જનતાને હું અપીલ કરું છું કે મંગળના ગ્રહ પર ભારતે મેળવેલા વિજયના પ્રતીકરૂપે આપણું સમગ્ર રાષ્ટ્ર ૧૫મી ઑગસ્ટના સ્વાતંત્ર્ય દિને એક મહામૂલો અનન્ય ઉત્સવ ઉજવે…'

આ સાંભળી આખુંય ભારત વર્ષ આ ઉત્સવને અનેરા દબદબાથી ઉજવવા તૈયાર થવા માંડ્યું. લોકો પોતાની ગરીબાઈ અને ભૂખમરાનું દર્દ ભૂલી આનંદવિભોર બની ગયા. ગરીબાઈનો આર્તનાદ આનંદની કિકિયારીમાં ડૂબી ગયો. તે દિવસે લોકોએ ઘરઆંગણાં અને શેરીઓ સજાવી. ઢોલ-ત્રાંસા લઈ લોકો શેરીમાં ઊમટી પડ્યા. સર્વત્ર આનંદ-આનંદ છવાઈ ગયો.

૨૫મી જુલાઈએ એક વધુ સમાચાર ટી.વી. પરથી પ્રસારિત થયા :

'ડૉ. માથુર હમણાં જ પ્રાપ્ત થયેલા એક સંદેશામાં જણાવે છે કે તેમની પાસે પૃથ્વી પર આવવા માટેનું પૂરતું બળતણ છે. ડૉ. માથુર અને તેમના સાથીદારોએ ત્યાંના વિચિત્ર પ્રકારના રહેવાસી સાથે મૈત્રીભર્યો હાથ લંબાવ્યો છે અને તેમાં તેઓ સફળ થયા છે. ભાષાની મુશ્કેલીને કારણે હજી સુધી માત્ર ઈશારાથી જ વાત કરવાનું શક્ય બન્યું છે. તેઓ આગળ જણાવે છે કે ત્યાંથી

તેઓને એક વિશિષ્ટ પ્રકારનું ધાન્ય પ્રાપ્ત થયું છે. આ ધાન્યનાં વનનાં વન ત્યાં પથરાયેલાં છે. મંગળ પરના સઘળા લોકો માત્ર શાકાહારી છે છતાં પણ આ ધાન્યનો જથ્થો અખૂટ છે. ડૉ. માથુર પંદરમી ઑગસ્ટ પહેલાં ફરી વાર ભારત આવી પહોંચવાની અપેક્ષા સેવે છે. ભારત સરકારે એક તાકીદનો સંદેશો પાઠવી ડૉ. માથુરને વિનંતી કરી છે કે તેઓ પોતાના પુનરાગમન વેળા મંગળના ગ્રહમાં ઉપજતા અનાજનો નમૂનો લેતા આવે...'

તે જ દિવસે અખબારમાં હેવાલ પ્રગટ્યો :

મંગળના ગ્રહનું અનાજ જો ભારત સરકાર મેળવવામાં સફળ થશે તો અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિને કારણે તથા ભારતમાં વધતી જતી જનસંખ્યાને કારણે અનાજની પડતી તંગી દૂર થશે. ભારત ખેતીપ્રધાન દેશ હોવા છતાં વર્ષોવર્ષ ભૂખને લીધે, ગરીબાઈને લીધે મરી જતા અનેક લોકોને માટે આ ભેટ આશીર્વાદ સમાન ગણાશે... અલબત્ત, આ પહેલાં ભારત સરકારે એ અનાજનું સંપૂર્ણ પૃથક્કરણ કરવું પડશે, એની ગુણવત્તા ચકાસી લેવી પડશે. તેની ખાદ્ય-અખાદ્યતા તપાસવી પડશે. જો એ અનાજ ભારતવાસીઓ માટે ખાદ્ય નીવડશે તો ભારતનો એકએક પ્રજાજન ડૉ. માથુરનો સર્વદા ઋણી રહેશે. ભારતની પ્રજા ડૉ. માથુરના આગમનની રાહ જુએ છે. ભારતના લોકો ડૉ. માથુરને સ્વર્ગમાંથી ઊતરી આવતા દેવ સમાન ગણી પૂજશે તો નવાઈ નહિ ! નવી દિલ્હીના ચોક્કસ રાજકીય વર્તુળો માને છે કે ડૉ. માથુર જો મંગળના ગ્રહનું અનાજ ભારત લાવવામાં સફળ થશે તો તેઓ આ યુગના સૌથી મહાન વિજ્ઞાની અને મુત્સદ્દી ગણાશે.'

બીજે દિવસે વળી રાષ્ટ્રીય અખબારોમાં સમાચાર ચમક્યા કે ડૉ. માથુરને વિશ્વનું સૌથી મોટું ઈનામ નૉબેલ પ્રાઇઝ આપવાની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે. વળી કેટલાંક વર્તુળો દૃઢતાપૂર્વક એમ માને છે કે આ નૉબેલ શાંતિ પુરસ્કાર ડૉ. માથુરને મળ્યા વિના રહેશે નહિ.

પછીના દસ દિવસ સુધી ભારતના લોકો અનેક તર્ક-વિતર્કો કરતા બેસી રહ્યા. જ્યારે કેટલાકના મનમાં શંકાનો કીડો સળવળ્યો. તદુપરાંત ભાતભાતની અફવાઓ પણ ફેલાવા માંડી.

પાંચમી ઑગસ્ટની મધરાતે રેડિયો પરથી સમાચાર વહેતા થયા કે ડૉ. માથુર પોતાના સાથીઓ સાથે સુપરસોનિક સ્વયંસંચાલિત રૉકેટ દ્વારા ભારત આવી ગયા છે. ભારત સરકારની એક વિશિષ્ટ યાદી એમ જણાવે છે કે કોઈ પણ પત્રકાર કે મુત્સદ્દીઓને હમણાં ડૉ. માથુરને મળવા દેવાશે નહિ. વળી એમના ઉતરાણના સ્થાન તથા નિવાસસ્થાન વિશે સંપૂર્ણ ગુપ્તતા જાળવવામાં

આવશે. એક વધુ સંદેશા દ્વારા ભારત સરકારે જાહેર કર્યું છે કે એમની સાથે લાવવામાં આવેલા ધાન્યના નમૂના ભારતની રાષ્ટ્રીય પ્રયોગશાળામાં તાબડતોબ ચકાસણી કરવા મોકલી દેવામાં આવ્યા છે. એના અહેવાલની રાહ જોવાઈ રહી છે.

ત્યાર પછી ડૉ. માથુર સંબંધી જુદા જુદા સમાચારો અવારનવાર પ્રગટ થતા રહ્યા, દરમિયાન આખાય ભારતમાં પંદરમી ઑગસ્ટનો દિવસ મંગળના ગ્રહ પરના 'વિજયદિન' તરીકે ઉજવવા લોકો ઘેલા બની ગયા.

દસમી ઑગસ્ટની વહેલી સવારે રેડિયો - ટી.વી. પરથી સમાચાર વહેતા થયા કે ડૉ. માથુર અને તેના સાથીદારો મંગળના ગ્રહનું જે અનાજ લાવ્યા હતા તેનું પ્રયોગશાળામાં સૂક્ષ્મ રીતે પૃથક્કરણ કરતાં જણાયું છે કે એ ધાન્ય પૃથ્વી પરના કોઈ પણ ધાન્ય કરતાં અનેકગણું ચડિયાતું જણાયું છે. જવના દાણાને મળતા આવતા એ ધાન્યના દાણામાં વધુ પ્રોટિન જણાયું છે. આ પ્રોટિન માનવજાતને વધુ શક્તિ આપી શકે તેમ છે. પ્રાણી અને માનવીને ખવડાવી તેનાથી થતી શરીરમાંની પ્રક્રિયા તપાસવા વિજ્ઞાનીઓ રોકાયા છે. એમ ચોક્કસ મનાય છે કે એ ધાન્ય માનવજાત માટે મહામૂલું નજરાણું થઈ પડશે. એના ઉપયોગથી આપણા દેશમાં પ્રવર્તતી અનાજની અસહ્ય તંગી નિવારી શકાશે. તેથી એ ધાન્ય આપણા માટે આશીર્વાદ સમાન થઈ પડશે. ડૉ. માથુરના જણાવ્યા પ્રમાણે મંગળના ગ્રહ પર એ અનાજનાં જંગલો એમને એમ પડ્યાં છે. એ અનાજનો ઉપયોગ મંગળવાસીઓ બિલકુલ કરતા નથી. તેઓને ભાજીપાલો, ફળફળાદિ અને સૂકો મેવો ખાવામાં વધુ રસ છે. ડૉ. માથુરને સંપૂર્ણ વિશ્વાસ છે કે એ અનાજ મંગળના ગ્રહમાંથી પૃથ્વીના ગ્રહ સુધી લાવવા એ સમર્થ છે. ભારત સરકાર એ અનાજના બદલામાં ભારતમાંથી બીજી કોઈ પણ ચીજ આપવા તૈયાર છે. માટે ભાગે પંદરમી ઑગસ્ટ પછી તરત જ ડૉ. માથુર ભારત સરકારના બીજા એક પ્રતિનિધિ સાથે મંગળના ગ્રહ તરફ પ્રયાણ કરશે. ત્યાંના લોકો માટે જુદી જુદી ભેટની સામગ્રીઓ ભારતના ખૂણે ખૂણેથી વડા પ્રધાન શ્રી પિલ્લાઈ પર આવી રહી છે. શક્ય બનશે તેટલી અવનવી ચીજો ડૉ. માથુર પોતાની સાથે લઈ જવા સંમત થયા છે.

આ સમાચાર સાંભળી ભારતની ગરીબ પ્રજામાં હર્ષ અને ઉલ્લાસ છવાઈ ગયો. દિનપ્રતિદિન જીવન જરૂરિયાતની ચીજોના વધતા જતા ભાવોથી કંટાળેલી - વ્યથિત પ્રજા આનંદમાં આવી ગઈ. કેટલાક લોકો તો અનુમાન કરવા લાગ્યા કે ભારતમાં વેચાતા ઘઉં કરતાં આ

ધાન્યની કિંમત લગભગ અડધી પડશે, એટલે ભારતની આમજનતા એ ધાન્યનો સૌથી મોટો ફાયદો ઉઠાવશે.

ભારત સરકારે બીજી યાદી પ્રગટ કરીને જાહેર કર્યું કે અનાજ રેશનિંગ દ્વારા ગરીબ લોકોને જ આપવામાં આવશે જેથી ખોટો સંગ્રહ કે વ્યય નહિ થાય.

આ સમાચારથી વેપારી આલમમાં હાહાકાર મચી ગયો. વેપારી વર્ગ વિચારવા માંડ્યો કે જો મંગળના ગ્રહનું અનાજ અડધી કિંમતે વેચાશે તો સ્વાભાવિક રીતે ભારતમાં થતા અનાજનો કોઈ ભાવેય પૂછશે નહિ. જે જે લોકોએ અનાજનો મોટો જથ્થો ગેરકાયદેસર એકત્ર કરી બનાવટી તંગી ઊભી કરી કાળાબજારમાં વેચી ધૂમ કમાણીની આશા રાખી હતી તેઓને અકળામણ થવા માંડી. તેમણે મોટા મોટા ગુપ્ત કોઠારોમાંથી અનાજ છૂટું કરી હમણાં ને હમણાં પૈસા ઊભા કરી લેવાની પેરવી કરવા માંડી. અનાજનો સ્થગિત થઈ ગયેલો લાખ્ખો ટનનો જથ્થો રાતોરાત બજારમાં આવી પડ્યો. અનાજના ભાવ ગગડવા માંડ્યા... પંદર-વીસ રૂપિયે ન મળતા ઘઉં કે ચોખા દસ રૂપિયે બજારમાં છૂટક મળતા થયા છતાંય ઘરાકી જણાતી ન હતી. કોઈ ખરીદનાર ન હતું. બીજી તરફ મંગળના ગ્રહના અનાજની પ્રાપ્તિ અંગેની આશા વધુ ને વધુ દૃઢ થવા મંડી.

પરિણામે ભૂખે મરતી લાખો-કરોડોની જનતા હવે રોજ સવાર-સાંજ રોટલા ભેગી થવા માંડી. ભારત સરકાર સમક્ષ વેપારીઓએ પોતાને જતી ખોટ માટે ધા નાખી. વેપારીઓને જતી કરોડો રૂપિયાની ખોટ માટે સરકાર જવાબદાર ગણાશે એમ વેપારીઓ માનવા લાગ્યા. ભારત સરકાર એ વેપારીઓ પાસેથી હાલ પૂરતી અનાજ ખરીદી લેવા સંમત થઈ. લાખો ટનનો જથ્થો સરકારે પડતર ભાવે પોતાને હસ્તગત કરી લીધો. મૂડીવાદીઓને અને કાળાંબજારિયાઓએ કરેલા બધા જ સંગ્રહ બહાર નીકળી પડ્યા. અનાજ છૂટથી મળવા માંડ્યું.

પંદરમી ઑગસ્ટ રંગેચંગે ઉજવાઈ ગઈ. મંગળના ગ્રહનું અનાજ મળ્યા પછી ભારત સરકાર ડૉ. માથુરનું જાહેર સન્માન કરશે એવી જાહેરાત થઈ. તે પહેલાં ડૉ. માથુર પત્રકાર પરિષદમાં હાજર થયા. તેમણે મંગળ પરથી આણેલું ધાન્ય પત્રકારોને બતાવ્યું. આ ધાન્યના દાણા પત્રકારોએ મોંમાં નાખી ચાવી જોયા. એનો સ્વાદ માણી લીધો.

૧૮મી ઑગસ્ટે એવા સમાચાર પ્રગટ થયા કે ડૉ. માથુર મંગળના ગ્રહ પર પહોંચી ગયા છે - પરિણામે વેપારમાં ઑર મંદી આવી. જેમ જેમ મંદી આવતી ગઈ તેમ તેમ સરકાર મોટા મોટા

જથ્થામાં અનાજ ખરીદતી ગઈ.

૨૫મી ઑગસ્ટે એવી જાહેરાત થઈ કે ડૉ. માથુર અને તેના સાથીદારો કાગળ, રબર અને પ્લાસ્ટિકની અમુક ચીજોના બદલામાં મંગળના ગ્રહનું અનાજ મેળવવા ભાગ્યશાળી થયા છે.

લોકો આ સાંભળી આનંદવિભોર બની ગયા.

જેમ જેમ દિવસો વીતતા ગયા તેમ તેમ વેપારીઓ રડતા ગયા... સંગ્રહખોરોને કરોડો રૂપિયાની ખોટ ગઈ. બજારમાં અનાજની રેલમછેલ થવા માંડી.

સરકાર દુષ્કાળગ્રસ્ત વિસ્તારમાં અનાજનું મફત વિતરણ કરતી ગઈ. કોઈ ભૂખ્યું ન રહે તે માટે તમામ પગલાં તાબડતોડ લેવાયાં.

અને આખરે ૩૦મી ઑગસ્ટે ભારત સરકારે એક લાંબી યાદી પ્રગટ કરી જણાવ્યું કે મંગળના ગ્રહ ઉપર થયેલા ઉતરાણની વાત તદ્દન બનાવટી હતી. મૂડીપતિઓએ ઊભી કરેલી બનાવટી તંગીને નિવારવા આ પગલું ભારત સરકારે ખૂબ જ લાંબી વિચારણા બાદ લીધું હતું. ડૉ. માથુરે જે અનાજના દાણા પત્રકારોને બતાવ્યા હતા તે નેશનલ લેબોરેટરીમાં સિન્થેસાઇઝ કરવામાં આવ્યા હતા. કૃત્રિમ રીતે પેદા કરેલું આ ધાન્ય ગરીબ જનતાને પોષાય તેટલી ઓછી કિંમતનું ન હતું. તેથી સરકારે આ નવો ત્રાગડો રચ્યો હતો. તેના પરિણામે સરકાર મોટા મોટા જથ્થામાં અનાજ મેળવવા સમર્થ બની હતી. અમે કરેલી તરકટ જાહેરાતથી છૂપા સંગ્રહો છૂટા થતાં અનાજની તંગી દૂર થઈ ગઈ છે. હવે એ સંગ્રહખોરો તથા કાળાબજારિયા લોકો સમક્ષ ખુલ્લા પડી ગયા છે. સરકારે તેમને ઓળખી લીધા છે. તેમને વીણી-વીણીને સરકાર હવે જેલભેગા કરશે અને એ દેશદ્રોહીઓને યોગ્ય સજા કરશે.

અમારે મન મંગળના ગ્રહનું અનાજ એ જ અનાજ હતું - જે કાળા બજારિયાઓના કોઠારમાં સ્થગિત થઈ ગયું હતું !

તે પછી રેડિયો પરથી સંગીતની સૂરાવલિ વહેતી થઈ... ‘સારે જહાંસે અચ્છા હિન્દોસ્તાં હમારા...’